RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 · Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 · Issue No. 92 · Date: 23.01.2024 Tuesday · Page :04 · Rs. 1.00/- · Annual Rs. 351/-

# રામલલાના થયા દિવ્ય દર્શન, વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ





. હિન્દુ સમાજના ૫૦૦ વર્ષોના આકરા તપ બાદ છેવટે સોમવાર ૨૨ જાન્યુઆરી એટલે કે આજના દિવસે ભગવાન રામની અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થઈ. જેને લઈને દેશ સહિત દુનિયાભરમાં ઉજવણીનો માહોલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત સંત સમાજ અને વિશેષ અતિથિઓની હાજરીમાં રામલલાના શ્રીવિગ્રહની પ્રાણ પ્રતિષ્ઠાનું ઐતિહાસિક અનુષ્ઠાન આજે સંપન્ન થયું. અયોધ્યા નગરીને હજારો ક્વિંટલ ફૂલ અને લાઈટો વડે કોઈ દુલ્હનની જેમ શણગારાઈ. અવધપુરીમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત રાજકારણ, ફિલ્મ અને રમતગમત જગતની અનેક હસ્તીઓ અયોધ્યા પહોંચી હતી.પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું છે. તેમણે પોતાના સંબોધનની શરૂઆત સીયાવર રામચંદ્ર કી જય..ના નારા સાથે શરૂ કરતા કહ્યું કે, 'અહીં ઉપસ્થિતિ, વિશ્વના ખૂણે ખૂણેથી જોડાયેલા રામભક્તોને પ્રણામ અને રામ રામ. 'આજ હમારે રામ આ ગયે હે'. સદીઓની પ્રતિક્ષા બાદ આપણા રામ આવી ગયા છે. સદીઓનું અભૂતપૂર્વ ધૈર્ય અને બલિદાન અને ત્યાગ-તપસ્યા બાદ આપણા રામ આવી ગયા છે. આ શુભ ઘડીની સમગ્ર દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા. આપણા રામલલા હવે ટેન્ટમાં નહી રહે. આપણા રામલલા હવે દિવ્ય મંદિરમાં રહેશે. ૨૨ જાન્યુઆરી એક તારીખ નથી, આ એક નવા કાળચક્રની શરૂઆત છે. આ મંદિર ફક્ત કોઈ દેવનું મંદિર નથી. આ ભારતનું ગૌરવ છે. આગ નહીં ઊર્જા છે. વિવાદ નહીં પણ સમાધાન છે. આ ભારતની દૃષ્ટિનું, ભારતીય દર્શનનું, ભારતના દિગ્દર્શનનું મંદિર છે. આ રામના સ્વરૂપમાં રાષ્ટ્ર ચેતનાનું મંદિર છે. રામ ભારતની આસ્થા છે. રામ ભારતનો આધાર છે. રામ ભારતનો વિચાર છે. રામ ભારતનું વિધાન છે. રામ ભારતની ચેતના છે. રામ ભારતનું ચિંતન છે. રામ ભારતની પ્રતિષ્ઠા છે. રામ ભારતો પ્રતાપ છે. રામ પ્રભાવ છે. રામ પ્રવાહ છે. રામ નેતિ પણ છે. રામ નીતિ પણ છે. રામ નિત્યતા પણ છે. રામ નિરંતરતા પણ છે. રામ વ્યાપક છે. વિશ્વ છે. વિશ્વાત્મા છે અને એટલે જ જ્યારે રામની પ્રતિષ્ઠા થાય છે, તો તેનો પ્રભાવ શતાબ્દીઓ સુધી નહી પણ હજારો વર્ષો સુધી રહે છે. 'આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ પ્રભુ શ્રી રામની ક્ષમા માગતા કહ્યું કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નો આ સૂરજ અદભુત આભા લઈને આવ્યો છે. રામ મંદિરના ભૂમિપૂજન પછી દેશભમાં ઉંમગ અને ઉત્સાહ વધતો જતો હતો. નિર્માણ કાર્ય જોઈને પણ દેશવાસીઓમાં રોજેરોજ નવો વિશ્વાસ પેદા થતો હતો. આજે આપણને સદીઓથી એ ધૈર્યનું ફળ મળ્યું છે. આજે આપણને ભગવાન શ્રી રામનું મંદિર મળ્યું છે. હું આજે પ્રભુ શ્રી રામની ક્ષમા પણ માંગુ છું કારણ કે, આપણા પુરુષાર્થ, ત્યાગ અને તપસ્યામાં કંઈક તો ખામી રહી ગઈ હશે કે, આપણે આટલી સદીઓ સુધી આ કામ ના કરી શક્યા. મને વિશ્વાસ છે કે પ્રભુ શ્રી રામ આપણને જરૂર માફ કરશે.

## રશિયાના કબજા હેઠળના યુક્નેન પર હુમલો : બે બાળકો સહિત ૨૫ના મોત



કિવઃ રશિયાના કબજા હેઠળના યુક્રેનના ડોનેટ્સક શહેરની બહારના બજાર પર રવિવારે થયેલા હુમલામાં ૨૫થી વધુ લોકોના મોત થયા છે. સ્થાનિક અધિકારીઓના અહેવાલ અનુસાર, ટેક્સિટલશ્રિક શહેરની બહારના બજાર પર રવિવારે થયેલા હુમલામાં બેથી વધુ બાળકોના મોત થયા છે. ડોનેટ્સકમાં રશિયાની સરકારે જણાવ્યું કે, યુક્રેનની સેના દ્વારા શેલનો મારો કરવામાં આવ્યો હતો.રશિયન સરકારના અધિકારીના જણાવ્યા અનુસાર, ઉસ્ટ-લુગા બંદર ખાતે ટર્મિનલ પર યુક્રેનિયન ડ્રોન હુમલાને કારણે ગેસ ટેન્કમાં વિસ્ફોટ થયો હતો. આ હુમલાને કારણે કુદરતી ગેસ ટર્મિનલમાં ભારે નુકસાન થયું હતું. બીજી તરફ, રશિયન સરકાર દેશમાં ઉઠી રહેલા વિરોધને ડામવા માટે કાયદો લાવવાની તૈયારી કરી રહી છે. એક રિપોર્ટ મુજબ, રશિયાની સંસદ લશ્કરી કાર્યવાહી વિરૂદ્ધ ખોટી માહિતી ફેલાવતા લોકોની સંપત્તિ જપ્ત કરવાની મંજૂરી આપતા કાયદા પર વિચારણા કરશે. યુક્રેનની સેના દ્વારા રવિવારે આંકડા બહાર પાડવામાં આવ્યા હતાં. તેમના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરી, ૨૦૨૨ થી જાન્યુઆરી ૨૧, ૨૦૨૪ સુધીમાં રશિયાના ૩,૭૬,૦૩૦ સૈનિકોના મોત થયા છે. જ્યારે, તેમણે રશિયાની ૬,૧૮૧ ટેન્કો, ૧૧,૪૬૬ હથિયારધારી વ્હિકલ્સ, ૮,૮૭૫ તોપગોળા, ૯૬૮ રોકેટ સિસ્ટમ, ૬૫૫ એર ડિફેન્સ સિસ્ટમ, ૬,૯૩૬ ડ્રોન, ૩૩૧ મિલેટ્રરી જેટ, ૩૨૪ હેલિકોપ્ટર, ૧,૮૧૮ ક્રૂઝ મિસાઈલ, ૨૩ વોરશિપ, ૧ સબમરીન, ૧૧,૮૬૨ વ્હિકલ્સ અને ૧,૩૯૨ સ્પેશિયલ ઈક્વિપમેન્ટ તોડી પાડયા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, યુક્રેન પશ્ચિમના દેશો સાથે વધુ સંરક્ષણ પેકેજની અપેક્ષા રાખી રહ્યું છે. બીજી તરફ, એક રશિયન સૈનિકની પત્નીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના ચૂંટણી મુખ્યાલય પરથી દેશના સૈનિકોને યુક્રેનથી પરત ફરવા માટે ભાવનાત્મક અપીલ કરી હતી. ો ઉલ્લેખનીય છે કે, રશિયામાં યુદ્ધની ખુલ્લી ટીકા કરવા પર પ્રતિબંધ છે.

## જાપાનનું મૂન મિશન જોખમમાં, પૃથ્વી સાથે સંપર્ક તૂટ્યો, બેટરી ખતમ થઈ ગઈ

ટોક્યો, તા. ૨૨

જાપાનના ચંદ્ર લેન્ડરનો સંપર્ક પૃથ્વી સાથે તૂટી ગયો છે. સ્માર્ટ લેન્ડર ફોર ઈન્વેસ્ટિગેટીંગ ધ મૂન (જીૅન્સ) સૌર ઉર્જામાં ખરાબીના કારણે બંધ થઈ ગયું છે. જેના કારણે જાપાનનું મિશન સંપૂર્ણ જોખમમાં છે. સોલર પેનલમાં ખરાબીના કારણે તેની બેટરી ચાર્જ નથી થઈ રહી. શનિવારે રાત્રે બેટરી ખતમ થઈ ગઈ હોવાની માહિતી મળી હતી. લેન્ડર બંધ થવાની કોઈ સત્તાવાર સૂચના નથી મળી. પરંતુ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે બેટરી ડિસ્ચાર્જ થઈ ચૂકી હશે. જોકે જીૅન્સ લેન્ડર દ્વારા જાપાનનું ચંદ્ર મિશન સફળ રહ્યું છે. જાપાન પ્રથમ વખત લેન્ડર ચંદ્રની સપાટી પર લેન્ડ કરવામાં સફળ રહ્યું છે.એવું માનવામાં આવી રહ્યું છે કે, લેન્ડરનું સેલર પેનલ ખોટી દિશામાં છે. જેના કારણે તેના પર રોશની નથી પડી રહી. આવતા મહિને સૂર્યની દિશા બદલવાની ઉમ્મીદ વ્યક્ત કરવામાં આવી રહી છે. અંતરિક્ષ એજન્સીના પ્રમુખ હિતોશી કુનિનકાએ સ્થિતિને સમજાવતા કહ્યું હતું કે,ચંદ્ર પર સૌર કોણને બદલાતા ૩૦ દિવસનો સમય લાગે છે. આવી સ્થિતિમાં જ્યારે સૌર કોણ બદલાશે ત્યારે પ્રકાશ બીજી તરફથી આવશે. તેનાથી પ્રકાશ સૌર સેલ સાથે ટકરાઈ શકે છે. અંતરિક્ષ એજન્સીને આશા છે કે સૂર્યની સ્થિતિમાં ફેરફાર થવાથી ચંદ્ર લેન્ડરને ફરી જીવંત કરી શકે છે.

ચંદ્ર પર લેન્ડિંગ દ્વારા જાપાને અંતરિક્ષ વિજ્ઞાનમાં એક નવો ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે જાપાન ચંદ્ર પર ઉતરાણ કરવાની સિદ્ધિ મેળવનારો પાંચમો દેશ બન્યો છે. આ પહેલા ભારત, રશિયા, અમેરિકા અને ચીન આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. પરંતુ આ દરમિયાન તેણે જ્યાં ઉતરાણ કર્યું જ્યાં છાંયો આવી રહ્યો હતો. જોકે, જાપાનનું આ મિશન કેટલીક હદ સુધી સફળ રહ્યું છે. આ લેન્ડરને મૂન સ્નાઈપર કહેવામાં આવે છે કારણ કે, તે સટીક લેન્ડિંગ કરી શકે છે. જ્યાં બીજા સ્પેસક્રાફ્ટને લેન્ડિંગ માટે કેટલાક કિમીનો એરિયો આપવામાં આવે છે. જાપાનના જીૅન્સ લેન્ડરે માત્ર ૧૦૦ મીટરના એરિયામાં સટીક લેન્ડિંગ કર્યું હતું.




શ્રી સમીરભાઈ શાસ્ત્રી,સાંસદ કિરીટ સોલંકી અને મહારાજ




જૈન સોશ્યલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર દ્વારા તેમજ દિપ્તીબેન જયેશભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) નાં સહયોગથી શ્રીરામ મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે ધાબળા, નાના બાળકો માટે કપડાં અને પ્રસાદીમાં મોતીચૂર નાં લાડવાનું વિતરણ રાખવામાં આવેલ, જેમાં વઢવાણ નાં ધારાસભ્યશ્રી જગદીશભાઈ મકવાણા, વિરેન્દ્રભાઈ આચાર્ય, સિલ્વર ગ્રુપ નાં પ્રેસિડન્ટ કૃણાલભાઈ મહેતા તેમજ જૈન સોશ્યલ ગ્રુપ સુરેન્દ્રનગર સિલ્વર નાં કારોબારી મેમ્બર શ્રેણિકભાઈ શાહ, કુનાલ બાવિસી, અલ્પેશભાઈ દેસાઈ, પ્રતીક શાહ, પંકિલ ધોળકિયા, સુનીલ દોશી, ગુંજન સંઘવી, નીખીલેશ શાહ, નિમેષ શાહ, રિપલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા

# રાજ્યમાં ઠેર-ઠેર રેલીઓ-ગરબાની રમઝટ,રામજીની અદભુત રંગોળીઓ અને મંદિરોમાં રામધૂન બોલાવી





અયોધ્યામાં આજે રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમગ્ર દેશમાં દિવાળી જેવો માહોલ છે. ત્યારે ગુજરાતમાં જાણે બીજી દિવાળી હોય એમ ઘરે ઘરે ઉત્સવ થઈ રહ્યો છે. ક્યાંક રામભક્તો રેલીઓ કાઢી રહ્યા છે, તો ક્યાંક રામધૂન ચાલી રહી છે.

## તંત્રી લેખ......

### ચીન અને હોંગકોંગના બજારમૂલ્યમાં ૨૦૨૧ની ટોચેથી ૬.૩ લાખ કરોડ ડોલરનું જંગી ધોવાણ

ચીન, એટલે કે વિશ્વની બીજી આર્થિક મહાસત્તા પરંતુ આ મહાશક્તિના છેલ્લા અડધા-પોણા દાયકાથી વળતા પાણી જોવા મળી રહ્યાં છે. અમેરિકા સાથે દુશ્મની અને ભારતની હરણફાળ ગતિ તો હતી જ પરંતુ તેમાં કોરોના મહામારીએ ચીનની ઈકોનોમીને મોટો ઝડકો આપ્યો હતો. કોરોના મહામારીના ઉદ્દભવ સ્થાન ગણાતા ચીનને કોરોનાએ જ એવો આર્થિક ઝટકો આપ્યો છે કે હજી સુધી દેશ તેમાંથી ઉબરી નથી શક્યો. ઈતિહાસમાં પ્રથમ વખત વિદેશી રોકાણમાં આઉટફ્લો, આર્થિક વૃદ્ધિ ત્રણ દાયકાના તળિયે, મોટી કંપનીઓ દ્વારા ઉત્પાદન એકમ અન્યત્ર ખસેડવાના નિર્ણયની અસર આર્થિક આંકડા અને આર્થિક સ્થિતિમાં વર્તાઈ રહી છે. સામે પક્ષે ચીન પરથી ઈક્વિટી અને કેપિટલ રોકાણકારોનો વિશ્વાસ પણ સતત ઘટી રહ્યો છે.ચાઈનના સ્ટોક માર્કેટમાં ફરી આ સપ્તાહે ઘટાડો નોંધાયો છે. ચીનના ઓનશોર માર્કેટમાં વિદેશી રોકાણકારો દ્વારા છેલ્લા ૧૨ સપ્તાહમાં મોટાપાયે ફંડ પરત ખેંચવામાં આવ્યું છે. આ ફોરેન ફંડ આઉટફ્લોએ ૨૦૧૬નો રેકોર્ડ તોડયો છે. આ સપ્તાહે હોંગકોંગમાં લિસ્ટેડ મેઈનલેન્ડ કંપનીઓનો ઈન્ડેક્સ વૈશ્વિક ઈક્વિટી ઈન્ડેક્સ રેન્કિંગમાં વર્ષના તળિયે પહોંચ્યો છેઆ સાથે ટોક્યો એટલે કે જાપાને એશિયાના સૌથી મોટા ઈક્વિટી માર્કેટ તરીકે શાંઘાઈને પછાડી દીધું છે અને ચીન સામે ભારતના વેલ્યુએશન પ્રીમિયમે પણ રેકોર્ડ બનાવ્યો છે. સ્થાનિક રીતે ચાઈનીઝ શેરબજારમાં મંદી દેશના એસેટ મેનેજમેન્ટ ઉદ્યોગને પણ ધમરોળી રહી છે અને મ્યુચ્યુઅલ ફંડ બંધ થવાની ગતિ પાંચ વર્ષની ટોચે પહોંચી છે.



શ્રી રામ ભગવાનના પ્રાણ પ્રતિષ્ઠાન નિમિતે અફોર્ડ સોસાયટી,સરગાસણ ખાતે રામ ભગવાન ની આરતી અને સુંદરકાંડનું અયોજન કરવામા આવલે જેમા સર્વે સોસાયટીના સભ્યો એ ઉત્સાહ ને ધાર્મિક ભાવ સાથે ભાગ લિધેલ.

# નણંદ-ભોજાઈને ભેદભાવ વિના શિંગડે ચડાવનાર ગાય લીલીનો ઈન્ટરવ્યુ !!!

પહેલી નજરે કીટી પાર્ટી જેવું લાગે. પતિની તગડી આવક પર ઐશ કરતી, ઘરકામમાં સળી ભાંગીને બે નકરતી , ઘરનોકરને ખખડાવતી, સ્થૂળકાય બોય કટ કેશ રાખનારી મહિલાઓ દર અઠવાડિયે કોઇ એકના ઘરે એકત્રિત થાય.ત્યાં ખાણીપીણીની પાર્ટી થાય. હાર્ડ સોફ્ટ ડ્રિંક ગટગટાવાય. કાઉસી રમાય બપોરના બારથી ચાર વાગ્યા સુધી ધમાલમસ્તી, ધીંગામસ્તી થાય. જે ગેરહાજર હોય તેની ખોદણી થાય. ઘરેણા, સાડી, ડ્રેસ, લિપસ્ટિક,ઈનરવેર, ગીગોલોની ચર્ચા થાય! એકાદ દિવસના ટુકા પ્રવાસ ડીઝાઈન થાય!! આ ઉપરાંત પર કીટી પાર્ટીમાં સ્કાય ઈઝ ધી લીમીટ સમજીને ઘણું બધું થાય. જેની માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વીસ રૂપિયા ભરવા છતાં માહિતી મળી શકે નહીં!!

આ કીટી પાર્ટીમાં તત્વતઃ તફાવત પણ ખરો. ઘરને બદલે રોડ પર. એકએકથી ચડિયાતા સ્નેકસને બદલે સૂકા લીલા ઘાસ, શાકભાજીના છોતરા, ભાજીના પાંદડા ચૂંટાયા પછીના ડાંખળા, લસણ-ડુંગળીના ફોતરા. લાંબા ચોટલાના બદલે બે શિંગડા. પૂંછડાના પંખાથી પોતાના ભાણા-થાળીની માખી ઉડાડવાના બદલે મોં પર સાત ભૂંડી સાસુની જેમ ધસી આવતી માખી ઉડાડવામાં આવે!! હા, રસ્તાને બાપીકી મિલકત સમજી સચ્ચા ડેરાની માફક અડીંગો જમાવેલ ગાય માતાની વાત છે. જેમાં પેટમાં પાંચ કિલો કોથળી દહીની જેમ જમી ગઇ હોય, છતાં, તેમાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ હોય!!

આમ જુઓ તો ભોળી અને ગભરુ હરિણી જેવી શાંત અને નિરુપદ્રવી લાગે. આંખમાં કરૂણા જણાય. કહે છે કે દીકરી અને ગાય દોરે ત્યાં જાય. હવે સમય બદલાયો છે. હવે એમ પણ કહેવાય છે કે દીકરી અને ગાય ઢીંક મારીને ખાય!! દીકરી રહે તો આપથી અને જાય તો સગા બાપથી!! આ બાબત ગાયને પણ એટલી જ લાગુ પડે છે.

અંતે સફળતાપૂર્વક ઢીકકરણ કાર્યક્રમ સંપન્ન થયો!આ કાર્યક્રમ માટે ઢીકકરણ ક્ષેત્રે ઉજજવલ કારકિર્દી બનાવવા ઈચ્છુક ઉત્સાહી ગૌમાતાને માર્ગદર્શક મંડળમાં નિહિત નેતાઓ ( ભાઇ ગાયોમાં પણ આવું મંડળ હોય છે. સાવ કોરાણે મુકાયેલી ગાયો તેના વિશાળ ઢીકકરણના અનુભવનો લાભ પ્રશિક્ષણ કાર્યક્રમમા્ આપે છે. ઉજજવળ સંસ્કૃતિ અને પરંપરા જીવંત રાખવા માટે શિંગડા, પગ અને પૂંછડીથી જે કંઇ યત્કિંચિત્ થઈ શકે તે કરવું જ રહ્યું! એની ડાઉટ?)ધ્વારા થિયેરીકલ અને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવેલ. રાક્ષસોનો નાશ થાય અને સ્વર્ગની અપ્સરાઓ પાગલ થઈને નૃત્ય કરે તેમ ગૌમાતાએ ઢીકોત્સવ મનાવ્યો. જેમાં બીજા દસબારને શિંગડે ચડાવ્યા!!

ઢીંક મારવી એ કળા અને વિજ્ઞાન છે. એક ગાય તરીકે તમે ઉન્નત મસ્તકે ઉત્તમ ઢીક મારી શકો નહીં.નાથુરામ ગોડસેએ ગાંધીજીના ચરણસ્પર્શ કરીને ગાંધીજી પર ગોળીઓ છોડી હતી તેમ એક ગાય તરીકે દિમાગ ઠંડું રાખી શિંગડા નીચે નમાવી શિકાર તરફ સંપૂર્ણ લક્ષ કેન્દ્રિત કરી શિંગડે ચડાવવાનો છે. અર્જુનને તીરંદાજીની પરીક્ષામાં માત્ર પક્ષીની આંખ દેખાતી હતી તેમ તમને લારી,ભીડ,પાલો,ફળ વગેરે જોવાનું નથી! તમારે ટારગેટ પર ફોકસ કરવાનું છે. ફાસ્ટ બોલર બોલિંગ કરે તે પહેલાં રન અપ પર દોડે તેમ તમારે હીંકોટા-છીંકોટા કરતા પગની ખરીથી ધૂળ ઉડાડતા ઉડાડતા શિકારને શિંગડે ઉછાળવાનો છે , ચાર પગે કુંભાર જેમ માટી ખૂંદે તેમ શિકારને ખૂંદવાનો છે.જરીકે ચૂંક કરવાની નથી કે દયા ખાવાની નથી!!ઢીંકનો માર્ગ છે શૂરાનો , નહીં કાયરનું કામ જોને!!

દીકરો સોનારૂપાની થાળીમાં બત્રીસ જાતના ભોજન અને તેત્રીસ જાતના પકવાન આરોગે અને મા વૃધ્ધાશ્રમમાં સૂકા રોટલાનું નૈવેધ આરોગો તેમ ગાયમાતાનો ચારો, સબસીડી ઓહીયા કરીને માણસો ગૌમાતાને ઉકરડામાં ઓખર કરવા અને પ્લાસ્ટિક આવા બેબસ કરાય છે!!!

અમારે પેલી ગાયનો ઈન્ટરવ્યુ લેવાનો હતો. જેણે નણંદ અને ભાભીને ભેદભાવ વિના શીંગડે ઉછાળ્યાં હતા. બખડજંતર ચેનલ એકસકલુઝિવ ઈન્ટરવ્યુ લઈ રહી હતી. હમણા હમણાથી મહાનુભાવોના ઈન્ટરવ્યુનો મેળ પડતો નથી. ન્યુઝીલેન્ડના વડા પ્રધાન જેસિન્ડા આર્ડને વડાપ્રધાનની ખુરશી છોડવાનો નિર્ણય કરી ફીલ ગુડનો અહેસાસ કર્યો. તેનો ઈન્ટરવ્યુ કરવા માટે તેમના કાર્યાલયને ઈમેઈલ કર્યો. એમણે પહેલી એપ્રિલ, ૨૦૨૩ નક્કી કરી. બખડજંતર ચેનલના માલિકે હાથ અધ્ધર કરી દીધા. ઓકલેન્ડ જવા આવવા, રહેવા જમવાનું બજેટ નથી એમ કહી મને અને રાજુને આંકલાવ એ પણ લોકલ બસમાં મુસાફરી કરીને ઈન્ટરવ્યુ કરવાનો હુકમ કરી તેની ચેમ્બરમાંથી જેમ સાવરણીથી કચરો વાળીએ તેમ બાબુલાલે કચરો સમજીને બહાર કાઢી મુક્યા.અમે બખડજંતર ચેનલને બદલે દૂરદર્શનની પીજ ચેનલ હોય તેમ હું અને મારી ભૂરી જેવા પ્રાણીઓના કાર્યક્રમ કવર કરતા હોય તેવું ફિલ કરવા લાગ્યા છીએ!!

અમે બે કિલો લીલા ઘાસ સાથે આજવા રોડ, વડોદરા ખાતે પહોંચ્યા.

'' મેડમ હું ગિરધરલાલ ગરબડીયા, ચીફ એડિટર, બખડજંતર અને અમારા ચીફ કેમેરામેન રાજુ રદી ચેનલ તરફથી સ્વાગત, અભિનંદન અને આવકાર આપીએ છીએ. અમારી ચેનલ તરફથી શુભેચ્છાની ચેષ્ટા સ્વરૂપે ઘાસ લાવ્યા છીએ તેનો સ્વીકાર કરો!'' મે ગાયને કહ્યું!ગાયને રેવડી સ્વરૂપે ઘાસ આપ્યું

'' ખાણદાણ ન લાવ્યા?'' ગાયે રૂપાળા રમણીની માફક મોં મરડ્યું અને ગુસ્સાથી ભાંભરી.અમારું લાવેલું ઘાસ ચાવવાનું ચાલું કર્યું.

'' મેડમ ,બીજીવારના ઈન્ટરવ્યુમાં આપની ફરમાઈશ પૂરી કરીશું'' અમે સમજાવટ કરી.ગાયે પૂંછડું આગળ ગોઠવ્યું શિંગડા નમાવી પોઝ આપ્યો. ભોંભોં એમ કહી ઈન્ટરવ્યુ શરૂ કરવા કહ્યું.

'' મેડમ અમારા દર્શકને આપનું ગુડ નેઈમ કહેશો??''
મેં વિનંતી કરી.

'' વ્હાય નોટ? લેટ મી ઈન્ટ્રોડયુસ માય સેલ્ફ . આઈ એમ લીલી કાઉ ગર્લ. હોટ. સિઝલીંગ કાઉ.'' ચહેરા પર ખંજન દેખાય તેવું સ્માઈલ કર્યું.

'' તમે અહિંસામાં માનો છો કે હિંસામાં ?'' મારો સવાલ.

'' એની માને પ,'' આમ કહી, ગાય અડધી ઉભી થઈ મારા પર ધસવા ગઈ. પછી કંઇક યાદ આવ્યું હોય તેમ નાના પાટેકર વેલકમ પિકચરમાં ઉદય કંટ્રોલ કર, ઉદય કંટ્રોલ કર'' જેમ ''લીલી કંટ્રોલ કર, લીલી કંટ્રોલ કર ''એવું બોલી.

'' હું કામચલાઉ હિંસામાં પરમ શ્રધ્ધા રાખું છું.'' એમ લીલી બબડી પણ ખરી.

'' અત્યાર સુધીમાં કેટલા લોકોને શીંગડે કે ઢીંકે ચડાવ્યા છે??'' અમે અમારો સવાલ પૂછ્યો.

'' હાઈલા. જુઓ મેં એવો હિસાબ રાખ્યો નથી પણ નાગાજણ ભરપાડ એની ભરવાડણને કહેતો હતો કે આ મેઈ લીલીએ પાંચસો-સાડા પાંચશેને શિંગડે ચડાવ્યા છે.'' ગાયે તેની એચિવમેન્ટ કહી. અમારા શરીરમાં ભયનું લખલખું પસાર થઇ ગયું!!

''કોઈ રીમાર્કેબલ એચિવમેન્ટ ?'' અમે પૂછયું

'' કહેવાય એવી નથી. રહેવાય એવું નથી. તમારા ડેપ્યુટીને પાર્ટીએ દૂધના કપમાં પડેલી માખીને ફેંકી દીધા. એને એના શહેરમાં ઢીંકે ચડાવ્યા. માનો કે પડયા પર પાટુ નહીં પણ ઢીક જેવો ઘાટ કર્યો. જેમાં ખુલાસા આજ દિન સુધી કરે છે!!''
'' તને ખબર ન હતી કે કાકા ડેપ્યુટી છે?'' અમે વધુ ખણખોદ કરી .

'' અમારે કોઈને શિંગડે ચડાવવા માટે કાકાનું આધારકાર્ડ કે વોટરકાર્ડ, પાનકાર્ડ માંગવાનું ?? ''ગાયે સામે સવાલ કર્યો.

'' તમે ભાભી એને નણંદને એક સાથે શિંગડે કેમ ચડાવ્યા ?''અમે પૂછયું.

'' અમે ગાય છીએ. અમે માણસ નથી. માણસ ડાબા જમણા કે ઓગણીસ-એકયાશીનો ભેદ રાખતા નથી. અમે કાગડાની જેમ એકાક્ષી છીએ. અમે બધાને સરખી નજરે જોઈએ છીએ. જો મેં નણંદ ભોજાઈને શિંગડે ન ચડાવ્યા હોત તો બંને વચ્ચે મારું કે મારું જેવી સ્ફોટક પરિસ્થિતિ સર્જાઇ હોત!!'' ગાયે સ્પષ્ટતા કરી.
'' ફયુચર પ્લાન શું છ??'' અમારો સવાલ.
'' અમે જેમ નણંદ-ભોજાઈને શિંગડે ચડાવ્યા તેમ ભવિષ્યમાં પતિ-પત્ની, મા-દીકરી/ દીકરો, વેવાઈ-વવાણ, બનેવી-સાળો, સાળી-જીજા, ભાભી-દિયેરને શિંગડે ચડાવવાની મન્શા છે!'' એમ કહી
આભાર - નિહારીકા રવિયા માથું હલાવી શીંગડા આમતેમ ઘુમાવ્યાં .

ગયા ભવની વેરી ગૌમાતાએ મને અને રાજુ રદીને શિંગડે ચડાવ્યા અને અમે કણસતા રહ્યા. ત્રણ દિવસે રીપેર થયા!!

ભરત વૈષ્ણવ

## સ્માઈલ



ઘણી મૂરઝાતી પળને ગુલાલ કરી તેં
એક સ્માઈલ આપીને કમાલ ક
એક સ્માઈલ આપીને કમાલ કરી તેં
કેવી મધથી'યે મીઠ્ઠી ધમાલ કરી તેં
!રી તેં

આગ લાગી હો એવડી કે બુઝે નહીં
ઘાવ ઉંડા હો એટલાં કે રૂઝે નહીં
આમ અંધારા વ્હેરવા કાંઇ સહેલા
નથી
એક પગલીને મારગ પણ સૂઝે નહીં

ત્યારે ખુદને પ્રગટાવી મશાલ કરી તેં
એક સ્માઈલ આપીને કમાલ કરી તેં

કૈંક આંખોમાં આશાને વાવે પણ તું
પછી ઝરણાથી પાંપણ છલકાવે પણ
તું
બે'ક ચહેરા પર જ્યારે મુસ્કાન તું
બને
ઘણા યુધ્ધો ના યુધ્ધો અટકાવે પણ
તું

પૂરેપુરી માનવતાને ન્યાલ કરી તેં
એક સ્માઈલ આપીને કમાલ કરી તેં

એવાં કેવાં તે આવીને કામણ કીધાં
!
એકમેકથી અજાણ્યાને જોડી દીધા
ધીમે ધીમે ત્યાં વાતોના પંખી ઉતર્યા
પછી સાથે બેસીને એણે સુખદુખ
પીધા

કેટકેટલાને સાચવ્યા છે વ્હાલ કરી
તેં
એક સ્માઈલ આપીને કમાલ કરી તેં

કૃષ્ણ દવે

# ૨૩ જાન્યુઆરી, ''નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતી''

નેતાજી સુભાષચન્દ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭નાં રોજ ઓરિસ્સાનાં કટક શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાવતી હતું. જાનકીનાથ બોઝ કટક શહેરનાં પ્રખ્યાત વકીલ હતા. અંગ્રેજ સરકારે તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો. પ્રભાવતી અને જાનકીનાથ બોઝને કુલ ૧૪ સંતાનો હતાં, જેમા ૬ છોકરીઓ અને ૮ છોકરાઓ હતા. સુભાષચંદ્ર એમનું નવમું સંતાન અને પાંચમાં પુત્ર હતાં. સુભાષબાબુને પોતાના બધા ભાઈઓમાંથી સૌથી વધારે શરદચંદ્ર સાથે લગાવ હતો. શરદબાબૂ પ્રભાવતી અને જાનકીનાથના બીજા પુત્ર હતા. સુભાષ તેમને 'મેજદા' કહેતા હતા. શરદબાબૂની પત્નીનું નામ વિભાવતી હતું. બાળપણમાં સુભાષચંદ્ર બોઝ કટકમાં રૅવેન્શૉ કૉલેજિએટ હાઈ સ્કૂલ નામની પાઠશાળામાં ભણતા હતાં. દેશ માટે મરી મીટવાની તેમની અંદરની ભાવના પાઠશાળાનાં દિવસોમાં જ તેમના શિક્ષક વેણીમાધવ દાસ દ્વારા ઉજાગર કરાઈ હતી. એમણે જ સુભાષચંદ્ર બોઝમાં રહેલ અંદરની સુપ્ત દેશભક્તિ જાગૃત કરી. ૨૫ વર્ષની ઉંમરે તેઓ ઘરેથી ભાગીને ગુરુની શોધમાં હિમાલય ચાલ્યા ગયા હતા પરંતુ ત્યારબાદ તેઓ સ્વામી વિવેકાનંદનું સાહિત્ય વાંચી તેમનાં શિષ્ય બની ગયા. તેમની દેશ માટેની લડતની શરૂઆત કોલેજકાળથી જ શરુ થઈ ગઈ હતી. કોલકાતાની પ્રેસિડેંસી કૉલેજનાં અંગ્રેજ પ્રાધ્યાપક ઓટેનનું ભારતીય વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર ઠીક ન હતો. આ માટે સુભાષચંદ્ર બોઝનાં નેતૃત્વમાં



મહાવિદ્યાલયમાં હડતાલ કરાઈ હતી. બોઝને ૧૯૨૧ માં ઈંગ્લેંડમાં તેઓ ભારતીય સિવિલ સેવાની પરીક્ષામાં સફળ રહ્યાં પણ તેમણે અંગ્રેજ સરકારની સેવા કરવાનો ઈન્કાર કર્યો અને રાજીનામું આપી તેઓ પાછા ભારત આવી ગયાં. તેમણે ભારતનાં લોકોમાં ''તુમ મુજે ખૂન દો મેં તુમ્હેં આઝાદી દુંગા'' સૂત્ર આપીને ભારતનાં લોકોમાં આઝાદી માટેની ભૂખ અને જોશ જગાડ્યા હતા. ઘણા વર્ષો પહેલા હિટલરે ''માઈન કામ્ફ'' નામક પોતાનું આત્મચરિત્ર લખ્યું હતું . આ કિતાબમાં એમણે ભારત અને ભારતીય લોકોની બુરાઈ કરી હતી. આ વિષય પર સુભાષબાબૂએ હિટલર સમક્ષ પોતાની નારાઝગી વ્યક્ત કરી ત્યારે હિટલરે પોતાના કાર્ય પર માફી માંગી અને ''માઈન કામ્ફ''ની આવનારી આવૃત્તીમાંથી એ પરિચ્છેદ કાઢી નાખવાનું વચન દીધું. એમને જર્મનીમાં 'ભારતીય સ્વતંત્રતા સંગઠન' અને 'આઝાદ હિંદ રેડિયો'ની સ્થાપના કરી. એ જ વખતે સુભાષબાબૂ, ''નેતાજી'' નામથી જાણીતા થયા. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ નેતાજી હવાઈ જહાજ થી માંચુરિયા તરફ જઇ રહ્યા હતા. આ સફર દરમિયાન તેઓ લાપતા થઇ ગયા ત્યારબાદ તેઓ કોઇ ને ક્યારેય નજર ન આવ્યા.૨૩ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ જાપાન ની 'દોમેઈ' ખબર સંસ્થાએ દુનિયાને ખબર આપી, કે ૧૮ અગસ્ત ૧૯૪૫નાં રોજ, નેતાજીનું હવાઈ જહાજ તાઈવાનની ભૂમિ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયુ જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થતા નેતાજીને અસ્પતાલમાં લઈ જવાયા જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધો. દુર્ઘટનાગ્રસ્ત હવાઈ જહાજમાં નેતાજીની સાથે એમના સહકારી કર્નલ હબિબૂર રહમાન હતા. એમણે નેતાજીને બચાવવાનો પ્રયત્ન કર્યો , પણ તેઓ સફળ ન રહ્યા પછી નેતાજીની અસ્થીયોને જાપાનની રાજધાની ટોકિયોમાં રેનકોજી નામક બૌદ્ધ મંદિરમાં રાખવામાં આવી. હકીકતમાં ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫નાં દિવસે નેતાજી ક્યાં લાપતા થઇ ગયા અને એમનું આગળ શું થયું આ ભારતનાં ઈતિહાસનો સૌથી મોટો અનુત્તરીત રહસ્ય બની ગયો છે. નેતાજીનું યોગદાન અને પ્રભાવ એટલો મહાન હતો કે એવું કહેવામાં આવે છે કે જો તે સમયે નેતાજી ભારતમાં હોત તો કદાચ ભારત એક સંઘ રાષ્ટ્ર બન્યુ હોત સ્વયં ગાંધીજીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો હતો.

# ચાણસ્માનુ રણાસણ ગામ બન્યું અયોધ્યામય. ભવ્ય શોભાયાત્રા નીકળી

અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામ ની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા ના દિવસો ની સમગ્ર દેશના લોકો કાગડોળે રાહ જોઇ રહ્યા હતા તે દિવસ આજરોજ આવી પહોંચતા સમગ્ર દેશમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો ત્યારે ચાણસ્મા પંથકમાં પણ ઠેર ઠેર વિસ્તારોમાં ભગવાન શ્રી રામ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી ત્યારે રણાસણ ગામે આવેલ રામજી મંદિર ખાતે ભગવાન શ્રી રામ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી ચાણસ્માના રણાસણ ગામે આજરોજ વહેલી સવારે ગામનાં દરેક સમાજના લોકો દ્વારા વહેલી સવારે પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી તેમજ નવ વાગ્યે સમગ્ર રણાસણ ગામની અંદર ડી.જે ના



તાલ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા ત્યારબાદ સમૂહ આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર ગામના લોકો દ્વારા ભગવાન શ્રી રામ ની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી તેમજ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ રામધુન યોજાઇ હતી તેમજ રાત્રી દરમિયાન રાસગરબાની રમઝટ બોલાવી હતી

**નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ**




(૧) મારાં દેશ ભારતના સર્વોચ્ચ પદ પર બિરાજમાન રાષ્ટ્રપતિની બાદબાકી,
(૨) મારાં ધર્મ હિંદુનાં સર્વોચ્ચ પદ પર બિરાજમાન ચારેય જગદગુરુ શંકરાચાર્યોની અનુપસ્થિતિ,
(૩) શ્રીરામ જન્મભૂમિ આંદોલનનાં પ્રણેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની ગેરહાજરી
(૪) માતા સીતા અને પ્રભુ શ્રીરામની સજોડેનાં બદલે એકલા શ્રીરામજીની મૂર્તિ સ્થાપિત કરીને
(૫) શ્રીરામ જન્મભૂમિનાં અધૂરા મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
(૬) કોઈપણ જાતના શાસ્ત્રોક્ત શુભ મુહર્ત સનાતન ધર્મ.પ્રણાલી મુજબ જોયા વિના........
(૭) માત્ર રાજકીય ચૂંટણીઓ ને ધ્યાનમાં લઈ રાજકીયલાભ લેવા મહોત્સવ થઈ રહ્યો છે...જેમ ૫૦૦ થી વધારે વર્ષોમાં જેટલા પણ શાસકો આવ્યા તેમણે શાસ્ત્રોક્ત અન્યાય જ કર્યો છે અને મજબૂર જનતા એ તેમાં સાથ આપ્યો તેના પરિણામ નજરે છે...છતાંયે સનાતન હિન્દુત્વ ખાતર....
(૮) બાબરી.ધ્વંશ ની જગ્યા થી.દૂર.શ્રી રામ.લલ્લા બિરાજમાન.થશે..બાબરી મસ્જિદ સ્થાન થી દુર રામ મંદિર નિર્માણ છે..વર્ષો ની લડત પછી પણ બાબરી.સ્થાને.સંપૂર્ણ.ધ્વંશ કરીને ત્યાં મંદિર.તો.નથી.જ બની રહ્યું..તો જીત કોની? બાબરી સ્થાને તો એશિયાની મોટી.મસ્જિદ બનશે?
શું આ શાસકો પણ મુસ્લિમ સલ્તનત થી કાઈ કામ કહી શકાય ખરા? રાજકીય સોદેબાજી માં કેવળ સત્તા માટે વોટબેંક.ને નુકશાન ન થાય તે રીતે ધર્મ ના ખભાનો.ઉપયોગ આજે પણ વંશીય સત્તાધીશો હોય તેમ શાશક પક્ષ આજે પણ નિર્ણયો લઈ પુનરાવર્તન કરી હજી પણ " રામ" ને સંપૂર્ણ ન્યાય મળ્યો ખરો?
★આમ છતાંય મને શ્રીરામ લલ્લાનાં દર્શન કરવાની તાલાવેલી છે જ...★

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 221**
વિષયઃ- સનાતનનો જયઘોષ.
શિર્ષકઃ- આગમન
શબ્દ સંખ્યાઃ- ૧૫૦
નામઃ- કનુ. પ્રણામી. ×કીર્તિ×.
ભિલોડા ( અરવલ્લી ).

અવધમાં રામનું આગમન થશે,
આજ સકલ ધરા પાવન થશે.

સુગંધિત ફૂલોનો વરસાદ થશે,
રંગબેરંગી આખું ગગન થશે.

સાચવી રાખ્યા છે છાબ ભરી,
શબરીના બોરનું આચમન થશે.

ઉભરાશે આનંદ અતિ અનેરો,
સૌના મુખે પ્રભુ રામ રામ થશે.

રામ લક્ષ્મણ ને જાનકી સંગ,
અયોધ્યા નગરી પ્રભુનું ભવન થશે.

સનાતનનો જયઘોષ ગૂંજી ઉઠશે,
ગ્રંથ રામાયણનું આજ મનન થશે.

---

**NOG SS NO:153**

વિષયઃ × સનાતન નો જયઘોષ× શીર્ષકઃ×રામ રાજ્ય પ્રકાર : ગદ્ય લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.
મારો રામ આ દુનીયા માં તેનાં વતન માં આવશે અને સનાતન નો જયઘોષ જગાવશે, ને પુરી દુનીયા ને રામરાજ્ય ની કલ્પના થી નવી આશા જગાડશે.

જે જેનું છે તે તેને મળવું જ જોઈએ તેવો ઘંટ વગાડશે.

જે તેનું નથી તે જે છિનવવાં જાય તો તેનો ઘંટનાદ વગાડશે.

×જીવો અને જીવવાં દો×નો શંખનાદ વગાડશે.

પ્રજા નાં જે વિચારો સાચાં હશે તેને દુનીયા ને જણાવશે,

અને જે વિચારો ખોટાં હશે તેને દફનાવશે.

દરેક વ્યકિત ને એક સરખાં હક્ક મળે તે માટે ન્યાય નાં આસન પર સત્ય ને બેસાડશે,

અને અન્યાય ને રાવણ ની જેમ હણશે.

નિશ્ચિત ધ્યેય ને પહોંચવાં તેનાં આર્કિટેક્ટ પાસે રામ સેતુ બનાવશે,

અને કામ વગર જિંદગીભર બેસી ન રહે તે માટે કામસેતુ બનાવશે.

કામ શોધવાં દુનીયા નાં લોકો ભારત આવશે,એ જ છે રામરાજ્ય ની કલ્પના અને સનાતન નો જયઘોષ.

---

**NOG.SS.No.0098**
વિષયઃ- સનાતનનો જયઘોષ
પ્રકાર :-પદ્ય
શીર્ષકઃ- ચહુંઓર રામ-રામ!
નામઃ- લીના શર્મા.

અમારા ભારતમાં ચહુંઓર રામ-રામ થઈ રહ્યુ છે.
વૈરીના બધા કામ હવે તમામ થઈ રહ્યું છે.
અમારા ભારત મા........
મુગલ આવે કે અંગ્રેજ આવે ,
રામની મહિમા રામ હી જાણે,
હું મુરખ કશું જાણું ના,
જાણું તો બસ એટલું જાણું
ચહુંઓર રામરામ થઈ રહ્યુ છે.
અમારા ભારતમા.......
વર્ષોથી આપણું સ્વપ્ન હતું ,
રામ જન્મભૂમિ પર રામને વિરાજમાન થતા જોવું.
૨૨મી જાન્યુઆરીના રોજ હવે આ શુભ કાર્ય થઈ રહ્યું છે .
વૈરી ના બધા ........

પહેલો વનવાસ ૧૪ વર્ષનો હતો. બીજામાં તો રામે સદીઓ કાઢી તો પણ રામની મહિમાથી જુઓ ,
પવિત્ર આખુ બ્રહ્માંડ થઈ રહ્યું છે.
× જય શ્રીરામ જય શ્રીરામ×
(વૈર દુશ્મન)( ચહુંઓર ચારેબાજુ)
??
લીના શર્મા..હાલોલ.

---

**NOG NO. 0059**
વિષય સનાતન ધર્મ નો જયઘોષ
પ્રકાર :લેખ. શિર્ષકઃ
★હર્ષ ઊભરાયો આનંદનો★
શબ્દોઃ ૩૪૮.
લેખક જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ભગવાન શ્રી રામચંદ્રજી
૨૨.૧ ૨૪ ના અયોધ્યાની પાવનભૂમી પર પધારી રહ્યાછે અને ભારત વાસીઓનો હર્ષ સાત આસમાન ને આંબવા
ઊછળી રહ્યોછે , સમગ્ર વિશ્ર્વના
લોકો તેમાં જોડાઈ રહ્યાછે તે જાણી સમગ્ર ભારતવાસીની
છપ્પન ની છાતી ગજ ગજ ફૂલી રહીછે અને સર્વત્ર ★સનાતન ઘર્મ નો જયઘોષ★ ગૂંજી રહ્યોછે અને હવે ભારતવાસીઓ પોતાનુ
હિન્દુરાષ્ટ્ર નૂ સેવેલૂ સોનેરી સ્વપ્ન
સાકાર થતું જોઈ આનંદભેર ઝૂમી રહાછે.

આ વાસ્તવિક ઘટના ના મૂળ ઘણા ઊંડા અને મજબૂતછે,
આ વાતથી અજાણ દેશદ્રોહીઓ અને ખંધા રાજકારણીઓ
આજે અરસ પરસ ના કાળામોઢા સામ-સામે જોઈ રહ્યાછે
.

સનાતન ધર્મ ની અતૂટ તાકાતનો
ગજબ નો જુસ્સો આજ ફાટી આંખે નીચી મૂંડી રાખી જોઈ રહ્યા છે . છે સમયની બલિહારી!

રધુકૂલ રીતી સદા ચલ આયી
પ્રાણજાય અરુ બચન ન જાંઈ.

યુગપુરૂષ શ્રી કૃષ્ણ ભગવાન નો
ભગવત્ ગીતા ના વચનબધ્ધ
શ્ર્લોક મુજબ,

જ્યારે જ્યારે પૃથ્વી ઊપર અન્યાય અને અત્યાર નૂ તાડંવ આવવાનૂ શરુ થાયછે ત્યારે ત્યારે
કોઈ યુગપુરૂષ નુ આગમન થાયછે અને પ્રજાને દાનવ ના પંજામાથી મૂક્ત કરેછે. આપણા અહોભાગ્યે
શ્રી નરેન્દ્રભાઈ મોદી ને દૂત ના સ્વરૂપે ભગવાને મોકલેલાજ છે.
અને ખૂદ ભગવાન રામચંદ્રજી પણ તે ક્ષણોને માણવા પધારી રહ્યાછે.

સ્વર્ગ લોક ના આલીસાન મહેલમા ધાર્મિક પ્રવનમાળા સાભંળતા સાભંળતાજ
ભગવાન રામ ને પોતાના જીવનના
યાદગાર દિવસો યાદ આવતાજ
માદરે વતન અયોધ્યા ની મધૂર યાદો જાગૃત કરી ગઈ અને મનો મન નકકી કરી પૂષ્પક વિમાનમા
સીતાજી સાથે પૃથ્વી લોકની પરિસ્થિતિ નો ચિતાર જોવાં
અયોધ્યા નગરીના એરપોર્ટ પર
તા.૨૨ ૧.૨૪ ના પધારી રહ્યાછે અને સમગ્ર વિશ્ર્વની પ્રજા તેમની આગમન થી રામ રાજ્ય નો અનૂભવ કરશે.

વિદેશમાં નોકરી / ધંધો કરતી વ્યકિત જ્યારે વતનમા આવેછે અને પરિવાર ના સભ્યો જે આનંદ ની અનુભૂતિ અનુભવેછે તેથી હજારો ગણા આનંદની અનૂભૂતી આજે ભારત ની પ્રજા
અનુભવી રહી છે, જે આનંદને શબ્દો મા વર્ણવો ,
અશક્ય અને અશક્ય ! જય શ્રી રામ

---

**NOG SS No : 140**
વિષયઃ સનાતન ધર્મનો જયઘોષ
પ્રકારઃ અછાંદસ
શબ્દોઃ ૯૫. શીર્ષક : રામ રાજ્ય
લેખકઃ હેમા ત્રિવેદી

ઉપનિષદ ને વેદ છે ચાર
વ્યાસે રચ્યાં પુરાણ અઢાર ..
સનાતન ધર્મનો જયજયકાર..

દશ અવતાર ધર્યા જગ કલ્યાણે કૃષ્ણ હો યા રામ..
પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણ? તો મર્યાદા પુરુષોત્તમ રામ
કૃષ્ણએ કહ્યું તે સૂણો અને રામે કર્યું તે કરો..
બોલો સનાતન ધર્મનો જયજયકાર.

સોળ સંસ્કાર સનાતન ધર્મના, ગર્ભાધાનથી સિંચન થાય..
ચાર આશ્રમ જીવન તણા સનાતન ધર્મનો જયજયકાર

ચાર વર્ણ? સમાજ તણા કર્મ પ્રમાણે વિભાજન થાય..સનાતન ધર્મનો જયજયકાર

કૃષ્ણ જીવન છે ચિંતનીય પણ રામ જીવન છે અનુકરણીય..
એકવચન ,એક બાણ અને એક પત્ની એજ ધર્મ..

માનવ ધર્મ અને રાજધર્મનુ પાલન કરી રામરાજ્યની સ્થાપના થાય ..
બોલો સનાતન ધર્મનો જયજયકાર

---

**NOG SS.No 188**
વિષયઃ સનાતન ધર્મનો જયઘોષ
પ્રકારઃ પદ્ય, શબ્દોઃ ૭૩
શીર્ષકઃ અવધમાં પધાર્યા રામ
લેખકઃ ?... વિનોદ. મો. સોલંકી ×વ્યોમ×
ર્યઈર્ઝ (ર્યઈ઼), મુ. રાપર

અયોધ્યામાં પધાર્યા રામ, બોલો જય સિયારામ;
સર્યુ નીરમાં દેખાયા રામ, બોલો જય સિયારામ;

ઘર ઘર ઉગ્યો છે સૂરજ પણ આજ રામ નામનો,
દીપે દીપે છે પ્રગટ્યા રામ, બોલો જય સિયારામ;

હરખ ના સમાય મનમાં, નિહાળતો રાહ આજ,
અંગે અંગમાં રંગાયા રામ, બોલો જય સિયારામ;

ફુલે સજાવ્યા આંગણ, ભાગ્ય ખુલ્યાં મારાં ઘરના,
થયાં પાવન આંગણીયાં રામ બોલો જય સિયારામ;

વાગે ઢોલ, નગારા ને વાગે કરતાલ, મૃદંગ ×વ્યોમ×
અવધમાં પધારી રહ્યા રામ, બોલો જય સિયારામ;

---

**NOG SS NO,-0050**
વિષય - સનાતનનો જય ઘોષ.
શીર્ષક - આવો મારા રામજી.
પ્રકાર - પદ્ય

વગર વરસાદે હરિયાળી છાંયડી..!
કોયલ ટહુકે રામજીના નામની કુંજ ગલીએ જય ઘોષ થાય...!
આવો દિપાવલી મનાવીએ..!
આવો દિપાવલી મનાવીએ..!

સદીઓનો વનવાસ પૂરો કરી..!
સરયૂ નદીના તટ પર થાય જય જય કાર ...!
આવો મારા રામ આવો મારા રામજી...!
હર દ્વારે દીપાવલી મનાવીએ...!

મારા રામજી આવે મારા રામજી આવે...!
રોશની ઝગમગે અવધમાં હરદ્વારે રંગોળી સજી છે...!
ભારતની શાન વધતી જાય ...!
ધર્મને સંસ્કૃતિની ધજા લહેરાઈ...!

મનુઓ પરંપરા વધારે રે....!
હર એક ઉન્નતિના પગથિયા ચડે...!
ધર્મ સંસ્કૃતિનો અનોખો સંગમ...!
મારા રામના ભક્તોએ હ્રદયમાં પીડા ઘણી સહી ...!

ઘણી કરી તપસ્યા હવે તો ...!
ત્યારે પાવન ઘડી આવી આતો...!
સમયનું ચક્ર એવું ફર્યુ ....!
રામજીના ચરણોમાં નમન કરું...!

પેલો સમયે પણ કરે પશ્ચાતાપ કરે...!
રામજી મારા
આભાર - નિહારીકા રવિયા પાછા પધાર્યા ...!
સારા જગતના પાલનહાર ...!
કોન ઝુકાવી શકે સત્યને...!

મર્યાદા પુરુષોત્તમ રામ આતો...!
કરુણાના સાગર આતો...!
લીલાધારી રામજી આતો ...!
સકલ સૃષ્ટિના પાલનહાર...!

આવો મારા રામજી આવો મારા રામજી ...!
તમને કોટી કોટી નમન કરું
મારા રામજી...!
રાગીની શુકલ ×રાગ× મુંબઈ

---

***NOG SS No. : 0141***
★વિષય : ×સનાતન નો જયઘોષ×★
★શીર્ષક : ×ધર્મનું સાચું સ્વરૂપ×★
★પ્રકાર : ગદ્ય - લેખ★ ★શબ્દ સંખ્યા : ૩૫૦★
★નામ : રસિકભાઈ વી પરમાર ×રવ×★

સનાતન ધર્મ એટલે આદિ અનાદિકાળથી ચાલ્યો આવતો ધર્મ કે જેના સ્થાપક કોઈ એક વ્યક્તિ, પ્રણેતા કે કોઈ મહાન માણસ નથી. સમયે સમયે એનું પાલન કરનારા, અનુસરનારા થકી ધર્મ મહાન બન્યો છે.

અહીં ભક્ત, સંત, મહંત, જગદગુરુ, આચાર્ય, જતી, તપસ્વી, યોગી, સિદ્ધ, સ્વામી, રાજા, પ્રધાન, નગરશેઠ, નગરસેવક, ગણિકા, વગેરેના દ્વારા સાહસ, સેવા, ત્યાગ અને બલિદાનની ભાવના ને અથાક મહેનતથી, લોકોપયોગી અદ્ભુત કાર્યો થયાં છે. એમનાં નામ અને કાર્યો સુવર્ણ અક્ષરે ઈતિહાસ તથા ધાર્મિક ગ્રંથોમાં અંકિત થયેલાં છે. જે આદર્શ ચરિત્રો છે.

એકએક ગણતાં અન્યને ભૂલી જવાય તેવા, નર અને નારી રત્નો દ્વારા અભિભૂત સનાતન ધર્મ : પ્રેમ, સાહસ, સેવા, ભક્તિ અને જ્ઞાનનું વહન કરે છે. સનાતન ધર્મના પાયામાં સત્ય, સહિષ્ણુતા, સહનશીલતા, આદર, આજ્ઞાપાલન, સૌહાર્દ, સહાયતા, અનુકંપા, દયા અને શાંતિ છે. પવિત્રતા એનું આભૂષણ છે.

પ્રાચીન સનાતન ધર્મમાં, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર (હાલની પરિભાષામાં છે તે નહિ પણ પ્રાચીન, સમાજ વ્યવસ્થાના ભાગ રૂપે કર્મ થકીના) એમ ચાર વર્ણ વ્યવસ્થા દ્વારા લોકોને જ્ઞાન, સુરક્ષા, વાણિજ્ય અને સહાયતા પ્રદાન થતી હતી. ખુબ સુંદર વિભાવના હતી.

અજ્ઞાની, ધર્માંધ, અધિકાર વિનાના, પાયાનું તત્વ ન જાણનારા અને લેભાગુ તત્વો દ્વારા એનો ખોટો અમલ શરૂ થયો અને તેનાથી ભયંકર દુષણો જેવાં કે અસ્પૃશ્યતા, બહુપત્નીત્વ, ઊંચ-નીચ, કુળ-ગોત્ર, નાતી-જાતિ, સવર્ણ-શૂદ્ર, ભિન્ન સંપ્રદાય વગેરે ઉદભવ પામ્યાં. ઊંડા ભેદભાવ શરૂ થયા અને તે નાસુરની જેમ ધર્મને પીડી રહ્યા છે. હવે શિક્ષણ અને અન્ય ધર્મોના પ્રભાવ થકી સનાતન ધર્મનાં મૂળ મૂલ્યો ફરીથી સત્ય સ્વરૂપે, આવિર્ભાવ થશે એવી સંભાવના છે.

સનાતન ધર્મ મુજબ મનુષ્યના જન્મ થી લઈ મૃત્યુ સુધીના જીવન દરમ્યાન મહત્વનાં સિદ્ધ કરવાનાં કામ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. સૌ પ્રથમ પોતાનો ધર્મ પાળો, જીવનનિર્વાહ ચલાવવા માટે અર્થ એટલે કે પૈસા કમાઓ, મનુષ્યજીવન ધબકતું રહે તે માટે કામ(આનંદ) એટલે કે સંતતિ, પરિવાર બનાવો અને છેલ્લે મોક્ષ એટલે કે તમામ સાંસારિક કામોમાંથી મુક્તિ મેળવી સદગતિ પામો.

આજે તારીખ ૨૨/૦૧/૨૪ ના રોજ રામ લલ્લાના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાના પાવન અવસરે સનાતન ધર્મનો જયઘોષ થઈ રહ્યો છે ત્યારે સનાતન એવા સત્ય ધર્મનો સ્વીકાર થાય તેવી ભાવના. આપણું અંતિમ ધ્યેય તો મોહ-માયા, મમતા, રાગ-દ્વેષ, ફૂડ-કપટ વગેરેથી પર થઈ સ્વયમ(સત્ય)ને પામવાનું છે.....!

---

**NOG SS NO -169**
વિષય - સનાતનનો જયઘોષ
શીર્ષક - શ્રી રામ
પ્રકાર -પદ્ય
નામ - લતાબેન ચૌહાણ

આજ મારે હૈયે વ્યાપી હરખની હેલી,
ભારતભૂમિ થઈ આજે આનંદ ઘેલી,
ધન્ય ધન્ય અવધ કેરી ધરા ધન્ય આજ.

૨૨મી જાન્યુઆરી ૨૦૨૪ની સાલ અનેરી,
આવી રહી મારા શ્રીરામની સવારી,
ધન્ય તાત દશરથ ને કૌશલ્યા માત.

જેનો પ્રત્યેક અધ્યેત છે રૂડું દષ્ટાંત,
અયોધ્યા ધામે અનેરું રામ મંદિર નિર્માણ,
ગર્ભગૃહમાં હેતે પગલી પાડશે મારા રામ.

સૂર્યવંશી પેઢીમા રાજા સહુ યશસ્વી,
ભગીરથના પૌત્ર રઘુ મહાન પરાક્રમી,
રઘુકુળમા જન્મ્યા મારા વ્હાલા શ્રીરામ.

પાંચસો વર્ષના અંતે રામલલ્લા બિરાજશે,
ઝળહળ ઝળહળ સરયૂના જળ થાશે,
સનાતનનો જયઘોષ સર્વત્ર સંભળાય.

# ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ મા નિવૃત જજ સાહેબ ની કમિટી દ્વારા તપાસ કરવામાં આવે તો ચોક્કસ નિરાકરણ આવશે બાકી કાંઈ થશે નહીં



**★ડાંગઃ પાણી પુરવઠા વિભાગનો ઉડીને આંખે વળગે તેવો ભ્રષ્ટાચાર★**

**★કોટબા ગામે નવી બનેલ ઓવરહેડ પાણીની ટાંકી રીપેર કર્યા પછી પણ બીજી વખત ચારેય બાજુથી લીકેજ★**

**★ટાંકીમાં પાણી ભરતા ની સાથે જ ચારે બાજુથી પાણી નીકળતા નબળી કામગીરી કરાયાની ચર્ચા.★**

**★પાણીનો પ્રશ્ન ઉકેલાય તે પહેલા જે પાણી લીકેજ નો પ્રશ્ન ઉઠ્યો છે.★**

આહવાઃપાણી પુરવઠા વિભાગ(ઉછજીર્ક) દ્વારા ડાંગ જિલ્લા ના આહવા તાલુકાના ધવલીદોડ ગૃપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ કોટબા ગામે નવી બનેલ ઓવર હેડ પાણીની ટાંકીનું ટેસ્ટીંગ માટે પાણી ભરતા ની સાથે બીજી વાર ચારે બાજુથી પાણી લીક થતા નબળી કામગીરી થયાની લોકચર્ચા થઈ રહી છે.

લોકો દ્વારા મળતી માહિતી મુજબ એપ્રિલ ૨૦૨૩ માં તૈયાર થઈ ગયેલ આ ટાંકીમાં પહેલી વખત ટેસ્ટિંગ માટે પાણી ભરવામાં આવ્યું હતું. જે પાણી ભરાતા ની સાથે જ લીકેજ થઈ હતી. જેની ફરિયાદ ગ્રામજનોએ તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ સ્થળ તપાસમાં આવેલ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને રૂબરુ કરવામાં આવી હતી. જેનું રીપેર કામ કર્યા બાદ તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ ફરીથી ટેસ્ટીંગ માટે પાણી ભરવામાં આવતાની સાથે બીજી વખત ચારેય બાજુથી લીકેજ થતા ઈજારદાર અને અધિકારીઓની મિલીભગતથી મોટો ભ્રષ્ટાચાર થયા હોવાના આક્ષેપો લોક ચર્ચામાં થઈ રહ્યા છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા ઘાણા પાણી પુરવઠા યોજના અંતર્ગત લાખોના ખર્ચે ૧.૧૦ લાખ લીટર ૨.૪૦ લાખ લિટરની બે ભૂગર્ભ ટાંકી અને એક ઓવરહેડ પાણીની ટાંકી ની કામગીરી એપ્રિલ ૨૦૨૩ માં પૂર્ણ થઈ ગયેલ હતી. જે ઓવરહેડ ટાંકીનું ટેસ્ટિંગ માટે પાણી ભરવામાં આવતાની સાથે ચારે બાજુથી લીકેજ થઈ હતી. જે લીકેજ થતી ઓવરહેડ પાણીને ટાંકીને રીપેર કામ કરાવ્યું છતાં પણ તા. ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ પુનઃ ટેસ્ટિંગ માટે પાણી ભરતા ની સાથે પહેલાની જેમ બીજી વાર પણ ચારે બાજુથી પાણી લીકેજ થતા પાણી પુરવઠા ના વિભાગ નો ઉડીને આંખે વળગે તેઓ ભ્રષ્ટાચારના દર્શન લોકો કરી રહ્યા છે.

સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં વિકાસ માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે. પરંતુ અહીં ભ્રષ્ટ અધિકારીઓના રહેમરાહીથી કોન્ટ્રાક્ટરો નીચી ગુણવત્તાવાળી વસ્તુઓ વાપરી આડેધડ કામ કરી જતા રહે છે અને મુશ્કેલી આમ જનતાને વેઠવી પડે છે. ફરિયાદ કરવા છતાં સંબંધિત અધિકારીઓ ઈજારદાર સામે કોઈ કાર્યવાહી ન કરતા હોય જેથી અધિકારીઓ અને ઈજારદાર ની સાંઠગાંઠથી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર કરી રહ્યા હોય તેમ લોક ચર્ચા થઈ રહી છે. શું આ ભ્રષ્ટ અધિકારીઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જળ જીવન મિશન, હર ઘર નલ સે જલ યોજનાનું સ્વપ્ન સાકાર થવા દેશે ખરા ? કે પછી સરકાર ની યોજનાઓને પણ લીકેજ કરી નાખશે.આ સમગ્ર બાબતની ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલાં લેવા જરૂરી બન્યું છે.

# પાળિયાદમાં અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો

બાવીસ જાન્યુઆરીએ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના નવનિર્મિત મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઇ રહ્યો હતો ત્યારે પાળિયાદની પૂજય શ્રી વિસામણબાપુની જગ્યામાં વિરાજીત શ્રી રામ દરબારનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો ભવ્ય અન્નકૂટ ભરવામાં આવ્યો . અને બપોરના બાર કલાકે ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર ની અને ઠાકર શ્રી વિહળાનાથ ની મહાઆરતી કરવામાં આવી જેમ પૂજ્ય શ્રી ગાયત્રીબા, પૂજ્ય શ્રી દિયાબા અને બાલઠાકર શ્રી પૃથાવીરાજબાપુ હાજર રહયા હતા . ત્યારબાદ મહાઆરતી પૂર્ણ થયા બાદ સહુ ભાવિક ભક્તો, ભગવાન રામના મંદિરની ખુશાલી સાથે મહા પ્રસાદ લીધો. સાથોસાથ એક સો આઠ ગામમાં પક્ષીઓને ચણ, ગાયોને લીલો ચારો, કીડિઓને કીડિયારૂં અને કુતરાઓને રોટલા આપવામાં આવ્યા. વિહળધામ નો સમગ્ર મહોત્સવનું લાઇવ પ્રસારણ જગ્યાની યુ ટ્યુબ ચેનલ ફૈંૐંછન્હૃૐંછર્ ંછૈન્રૃછર્દ્બ ંહ્લૈંઝૈંછ- માં કરવામાં આવ્યું વિહળધામના મહંત પૂજ્ય શ્રી નિર્મળાબા અને પૂજ્ય શ્રી ભયલુબાપુ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બનવા અયોધ્યા પધારી ચૂક્યા છે.જગ્યાના સંચાલક પૂજ્ય ભઈલુબાપુએ પંચાળ પંથકના સહુ ભક્તો, વિહળધામના સમર્પિત સેવકો અને પાળિયાદના તમામ ગ્રામજનોને સનાતન હિન્દુ ધર્મના આ પરમ પ્રસંગે જગ્યામાં ઉપસ્થિત રહી, ઉજવણીમાં ભાગીદાર બનવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું અને વિહળધામ પાળિયાદ



દ્વારા સંચાલિત શ્રી વિહળ ઈન્ટરનેશનલ વિધ્યાપીઠ દ્વારા પણ સ્કુલે શ્રી રામના નવનિર્માત મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની ભવ્ય ઉજવણી કરી

અહેવાલ કનુભાઈ ખાચર

# ઉના શહેર માં ૧૦.હજાર થી વધારે લોકો રામ શોભાયાત્રા માં સ્વયંભૂ જોડાયા..હિતેશ જોશી.ઉના

આજરોજ અયોધ્યા ધામ મા ઐતિહાસિક ભવ્ય મંદિર મા પ્રભુ શ્રી રામ ભગવાન ની મૂર્તિ પ્રતિષ્ઠા મા આવી હતી તે પ્રસંગે આજે સવાર થી ઊના સ્વયં ભુ બંધ રહિયું હતું અને ઊના ના રામજી મંદિર થી પ્રભુ શ્રી રામ જન્મ ભૂમિતિર્થ સેવા સમિતિ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ પ્રખંડ ની આગેવાની હેઠળ ભવ્ય શોભા યાત્રા ઉના ના દેલવાડા રોડ વિદ્યાનગરથી નીકળી હતી જેમાં રામજી મંદિર ના મહંત શ્રી કિશન દાસ બાપુ, ધારાસભ્ય કાળુભાઇ રાઠોડ, નગર પાલિકા ના પ્રમુખ પરેશ ભાઈ બાંભણિયા, રાજુભાઈ ડાભી સહિત મોટી સંખ્યામાં સનાતની ભાઈઓ અને બહેનોને



જોડાયા હતા નાના ભૂલકાઓ એ રામ ભગવાન, મહાબલી હનુમાન લક્ષ્મણજી માતા સીતાજી ની વેશ ભુશા ધારણ કરી સમગ્ર ઊના ને રામ ભક્તિ મય બનાવી દીધું હતું આ શોભા યાત્રા ઊના મા સૂર્યમુખી હનુમાનજી મંદિરે ધ્વજા ચડાવી, રાવણ વાડી એ પહોંચી ધર્મસભા મા ફેરવાઈ ગઈ હતી જયાં અયોધ્યા થી રામ ભગવાન ની મૂર્તિ ની પ્રતિષ્ઠા નું સીધું પ્રસારણ લોકો એ માણેલ હતું, બપોર પછી શ્રીરામજી ની ભવ્ય શોયાયાત્રા નીકળી હતી જેમાં સ્વંભુ ૧૦ હજારથી વધુ લોકો બાઇક, ટ્રેક્ટર અને ચાલીને જોડાયા હતા. મહાઆરતી ઊના ના તમામ મંદિરો મા યોજાઈ હતી.રેલીમાં જોડાયેલા સેંકડો રામસેવકો, રામભક્તો માટે પાણી અને ઠંડા પીણાં ની વ્યવસ્થા પણ સેવકો દ્વારા કરવામાં આવેલ હતી.રાત્રી ના ભવ્ય સંતવાણી નું આયોજન પણ કરવામાં આવેલ છે

# મેડિકલ વેલ્યુ ટ્રાવેલનું બેનમૂન ઉદાહરણ એટલે અમદાવાદ સીવિલ મેડિસિટીની ૧ ૨૦૦ બેડ હોસ્પિટલ દ્વારા દર વર્ષે આયોજિત થતો "બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપ"

ગુજરાતમાં મેડિકલ ટુરિઝમ અને મેડિકલ વેલ્યુ ટ્રાવેલમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલ ૧૨૦૦ બેડ મહિલા અને બાળ રોગની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ મેડિકલ વેલ્યુ ટ્રાવેલનું બેનમૂન ઉદાહરણ છે.આ હોસ્પિટલમાં છેલ્લા ૧૬ વર્ષથી ઈંડો-અમેરિકન બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપ હાથ ધરવામાં આવે છે.એવા બાળકો કે જેઓને જન્મજાત પેશાબની કોથળીમા લીકેજની સમસ્યા હોય તેઓ આ પ્રકારના બાળકોની અત્યંત જટિલ સર્જરી આ વર્કશોપમાં નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવે છે.વર્ષ ૨૦૨૪ ના પ્રારંભે યોજાયેલ બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપમા ૧૫ જેટલા વિવિધ દેશોમાંથી નિષ્ણાત




તબીબો આવ્યા છે.જેમાt USA, Qatar,Israel, Canada,Philippines, Colombia,Lebanon,Uzbekistan,Kazakhstan,Argentina, Ghana,Estonia ,Kenya,Ethiopia અને હ-ચેક ના તબીબોનો સમાવેશ થાય છે.નેપાળ કેન્યા બાંગ્લાદેશ જેવા દેશો સહિત ભારતના ૧૫ રાજ્યોમાંથી આવેલા બાળકોની આ બ્લેડર એસ્ટ્રોપીની સમસ્યા આ વર્કશોપ માં દૂર કરવામાં આવશે. અત્રે નોંધનીય બાબત એ પણ છે કે ,આ બ્લેડર રેસ્ટોફીની સર્જરી અંદાજિત સાત થી ૮ કલાક ચાલતી હોય છે.આમ લગભગ ૧૬૦ જેટલા બાળકોને આ વર્કશોપ માં એક્ઝામ કરવામાં આવશે .તેમાંથી અત્યંત ગંભીર સમસ્યા ધરાવતા અને તાકીદે જરૂરિયાત હોય તેવા જ બાળકોના આ બ્લેડર એસ્ટ્રોફીની સર્જરી કરીને તેમને સમસ્યામાંથી ઉગારવામાં આવશે.

# ન્યૂ ગાંધીનગર વસાહત સંઘ (ભારત વસાહત સંઘ) દ્વારા ગાંધીનગર ની સૌથી લાંબી ઈતિહાસિક આશરે ૩૯ કિમી લાંબી શ્રી રામ રથયાત્રા



ગત ૨૧.૦૧.૨૦૨૪ નાં રોજ ન્યૂ ગાંધીનગર વસાહત સંઘ (ભારત વસાહત સંઘ) દ્વારા અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ગાંધીનગર ની સૌથી લાંબી ઈતિહાસિક આશરે ૩૯ કિમી લાંબી શ્રી રામ રથયાત્રા રાંધેજા રામજી મદિરે થી પ્રસ્થાન કરી કોલવડા રામજી મંદિર, , વાવોલ રામજી મંદિર, સરગાસણ રામજી મંદિર, કુડાસણ રામજી મંદિર, રાંદેસણ- રાયસણ પંચેશ્વર રામજી મંદિર પર પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

જેમાં ન્યૂ ગાંધીનગર ના તમામ વિસ્તારો માંથી વસાહતીઓ દ્વારા ભાગ લીધો હતો, તેમજ ઘણી બધી જગ્યાએ ઉત્સાહભેર ફૂલવર્ષા કરી સ્વાગત કરેલ, અને ઠેર ઠેર જગ્યાએ રથ ની આરતી કરવામાં આવેલ, વિવિધ વિસ્તારો ચા - પાણી - સરબત ના કેન્દ્રો રથયાત્રા ની સેવા માટે ગોઠવેલ હતા.

આમ ગાંધીનગર ના ઈતિહાસ માં આવી લાંબી અને મોટી રથયાત્રા અંકિત થવા પામેલ અને નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ થઈ હતી.જેનું પ્રસ્થાન બપોરે ૧૨;૩૯ વાગે રાંધેજા રામજી મંદિર થી પ્રમુખઃ- વિપુલભાઈ ઠાકર અને કારોબારી સભ્યો ( ન્યૂ ગાંધીનગર વસાહત સંઘ) તેમજ રસિકભાઈ પટેલ (ટ્રસ્ટી - રામજી મંદિર) અને મંદિર ના કારોબારી સભ્યો દ્વારા આરતી કરી પ્રસ્થાન કરવામાં આવેલ આવ્યું હતું. આ યાત્રા વિવિધ વિસ્તાર માં વિચરણ કરી ૭:૫૦ વાગે પંચેશ્વર રામજી મંદિર પર પહોંચી જેમાં પંચેશ્વર મંદિર ના પૂજારી રથયાત્રા ને પોખી તેમજ મંદિર ના વ્યવસ્થાપકશ્રી, શ્રી ગૌરાંગભાઈ પટેલ, શ્રી પંકજભાઈ મોદી સાહેબ, શ્રી વિપુલભાઈ ઠાકર વગેરે દ્વારા આરતી ઉતારી રથયાત્રા ની પૂર્ણાહુતિ આનંદ ઉલ્લાસ સાથે કરવામાં આવેલ હતી. .

આ રથયાત્રા નું સ્વાગત/પૂજન વિવિધ વિસ્તાર ના વસાહતી પ્રમુખશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, ડે.મેયર શ્રી પ્રેમલસિંહજી, ધારાસભ્યશ્રી રીટાબેન દ્વારા કરવામાં આવેલ. તેમ એક અખબારી યાદી માં મીડિયા કન્વીનર- ભાસ્કર દલવાડી ( ન્યૂ ગાંધીનગર વસાહત સંઘ) દ્વારા જણાવાયેલ હતુ.




**નરોડા વિસ્તાર માં રહેતી મંદા જોષી નામની યુવતી સવાર થી રંગોળી બનાવી રામલલ્લા ના દર્શન ની પ્રતીક્ષા કરી હતી**

# રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં શક્તિપીઠ અંબાજી ખાતે વનસેતુ ચેતના યાત્રાનો ભવ્ય સમાપન સમારોહ યોજાયો




રાજયના વન અને પર્યાવરણ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં આજરોજ શક્તિપીઠ અંબાજી ખાતે વનસેતુ ચેતના યાત્રાનો ભવ્ય સમાપન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. વન વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ઉમરગામ થી અંબાજી સુધીની વનસેતુ ચેતના યાત્રા આજે શક્તિપીઠ અંબાજી ખાતે પહોંચતાં હડાદ ખાતે યાત્રાનું સ્થાનિક તંત્ર અને ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે વનસેતુ ચેતના યાત્રાનો સ્વાગત સમાપન સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે અયોધ્યા ખાતે થઈ રહેલ પ્રભુ શ્રી રામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમ સ્થળે જય શ્રી રામના નારા ગુંજી ઉઠ્યા હતા અને સમગ્ર અંબાજી રામમય બની જવા પામ્યું હતું.

આજથી દેશમાં રામ રાજ્યનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે એમ જણાવતાં રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ઉપસ્થિત જનમેદનીને શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વનસેતુ ચેતના યાત્રા અંતર્ગત અનેક લાભાર્થીઓ સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા માટે જાગૃત બન્યા હોવાનું જણાવી ઉંમર ગામથી અંબાજી સુધીની યાત્રાની ફલશ્રુતિ જણાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વનવાસીઓની વેદના અનુભવી છે. ગરીબોના કલ્યાણ માટે સતત ચિંતન કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આદિવાસી વનબંધુઓના વિકાસ માટે વનબધું વિકાસ યાત્રાનો અંબાજીથી ઉમરગામ પ્રારંભ કરાવ્યો હતો. તો વનસેતુ ચેતના યાત્રાનો ઉંમર ગામ થી અંબાજી સુધી પ્રારંભ કરાવી સમગ્ર આદિવાસી વિસ્તારમાં સરકારી યોજનાના લાભ મળે એવુ કામ કર્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, આયુષ્યમાન ભારત કાર્ડ જેવી અનેક યોજનાઓથી આદિવાસીઓના જીવનમાં નવી શરૂઆત થઈ છે.

તેમણે જણાવ્યું કે, આદિજાતિના કલ્યાણ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બજેટમાં ૨૪ હજાર કરોડની ફાળવણી કરી વનબંધુઓના વિકાસ માટે જનકલ્યાણની અનેક યોજનાઓ શરૂ કરાવી છે. જેનો લાભ દેશભરના આદિવાસી વનબંધુઓ મળ્યો છે. વનસેતુ ચેતના યાત્રા એ એક મનમેળ માટે, એક નવી ચેતના માટે શરૂ કરવામાં આવી હતી એમ જણાવી યાત્રાનું સમાપન આજે શક્તિપીઠ અંબાજી ખાતે થાય છે એની ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, આજનો દિવસ સમગ્ર દેશ માટે ગૌરવનો દિવસ છે. અયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યોજાઈ રહ્યો છે ત્યારે આખો દેશ રામમય બન્યો છે. અયોધ્યામાં રામમંદિરનું કરોડો દેશવાસીઓનું સ્વપ્ન પૂર્ણ કરવાનું કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. વનસેતુ ચેતના યાત્રા ૧૪ જિલ્લામાં ફરી આજે માં અંબાના ધામ અંબાજી ખાતે પહોંચી છે. સમગ્ર યાત્રા દરમિયાન ઠેર ઠેર આ યાત્રાને અદભુત આવકાર મળ્યો છે. આ યાત્રાથી વનબંધુઓ અને સરકાર વચ્ચે એક નવી ચેતનાનો સેતુ બંધાયો છે એમ જણાવી સૌને ભગવાન શ્રી રામ ના નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શુભેચ્છાઓ આપી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.